ISSN 2454 8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research e-Journal

# આધુનિક સમાજની દેણ – સ્ત્રી ભ્રુણ હત્યા

Dr. Madhubhai Hirpara
Darbar Gopaldas Shikshan Mahavidyalaya,
Aliyabada

## પ્રસ્તાવના :-

સ્ત્રી જીવન સંબંધિત વિવિધ પરિસ્થિતીઓ અંગે આપણને સૌને અચંબામાં મુકી દે તેવા અખબારોમાં ઘ્યાન ખેંચતા અહેવાલો પ્રસિઘ્ધ થતા હોય છે. આ વાંચીને આપણા સૌના દિલ ધટકી ઉઠતા હોય છે. સમાજનો આ ચિંતનનો વિષય રહયો છે. આ અંગે સરકાર અને સંશોધન સંસ્થાઓ દ્વારા સંશોધનો હાથ ધરવામાં આવે છે. અને સ્ત્રીભ્રુણ હત્યા સંબંધી પરિસ્થિતીઓ પ્રત્યે લોકોનુ ઘ્યાન ખેંચી તે અંગે સમાજમાં સભાનતા વિકસાવવાના પ્રયત્નો થતા હોય છે.

સ્ત્રીને લક્ષ્મીનો અવતાર ગણનારી આપણી સંસ્કૃતી આજે કેટલી ક્રુર અને અમાનવીય થઇ રહી છે. તેનુ અનુમાન સ્ત્રીઓના ઘટતા જતા પ્રમાણ દર ઉપરથી કહી શકાય છે. આ બધાના મુળમાં મુળકારણ સ્ત્રીભ્રુણ હત્યા છે. સ્ત્રીભ્રુણ હત્યાએ આધુનીક સમાજની દેણ છે. પરંતુ તેના મુળ ભારતીય સમાજની પરંપરામાં રહેલા છે. પહેલાના જમાનામાં સ્ત્રીઓને પોષણ, ઉછેર અને શિક્ષણ બાબતે ભેદભાવ અને દુર્લક્ષતા સેવવામાં આવતી હતી . એટલુ જ નહી પણ તે સમયના સમાજની પરંપરામાં સ્ત્રીઓને દુધપીતી કરવાનો રિવાજપણ હતો પરંતુ તે અમુક જ્ઞાતિઓ પુરતો મર્યાદિત હતો કે જયા વધુ દહેજ આપવુ પડતુ હતુ . તે સમયે બાળકીને જન્મ થવા દેવાતો હતો . પરંતુ જન્મ પછી મારી નાખવામાં આવતી હતી . કારણ કે તે સમયગાળા દરમિયાન વિજ્ઞાન અને આધુનિક ટેકનોલોજીનો પુરતો વિકાસ થયેલો ન હતો .

## (૧) સ્ત્રીભ્રુણ હત્યાનો અર્થ :

બાળકનો જન્મ થયા પહેલા જ તેની માતાના ઉદરમાં તેની હત્યા કરવી તેને સ્ત્રીભ્રુણ હત્યા કહેવામાં આવે છે.

સ્ત્રીભ્રુણ હત્યા એટલે ગર્ભવતી સ્ત્રીના ગર્ભમાં વિકસતા બાળકનુ ડોકટર દ્વારા લિંગ પરીક્ષણ કરાવ્યા પછી જો વિકસતો ગર્ભ સ્ત્રી લિંગહોય તો તેને ડોકટર દ્વારા ગર્ભપાત કરાવવામાં આવે છે. ત્યારે તે ક્રુર પ્રક્રિયાને સ્ત્રીભ્રૂણ હત્યા કહેવામાં આવે છે.

આધુનિક સમયમાં ઘણી સ્ત્રીઓને પ્રથમ એક કે તેથી વધુ પુત્રી સંતાન હોય છે. આવી સ્ત્રીઓ પુત્ર સંતાન ઇચ્છા ધરાવતી હોય છે. તેથી આવી સ્ત્રીઓ સગર્ભાવસ્થા દરમિયાન

ISSN 2454 8596
www.vidhyayanaejournal.org

VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

ગર્ભનુ જાતિ પરિક્ષણ કરાવતી હોય છે અને ગર્ભમાં પુત્રી સંતાન હોય તો ઘણી સ્ત્રીઓ ગર્ભપાત કરાવી દેતી હોય છે. જેને સ્ત્રીભ્રુણ હત્યા કહેવામાં આવે છે. આજે દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે કન્યાને દૂધપીતી કરવાનો રિવાજ આધુનિક સમાજમાં પ્રવર્ત તો નથી .તેના સ્થાને સ્ત્રીભ્રુણ હત્યાની પરિસ્થિતીનુ સર્જન થયેલુ છે.

**સ્ત્રી ભ્રૂણ હત્યા વિશે વિસ્તૃત સમજ મેળવવા પહેલા ગર્ભજાતિ પરીક્ષણ પધ્ધતિ વિશે ની સમજ મેળવવી આવશ્યક છે.**

## (૨) ગર્ભજાતિ પરીક્ષણની સામાન્ય સમજણ :

ગર્ભજાતિ પરીક્ષણનો હેતુ સ્ત્રીના ગર્ભમાં રહેલા બાળકમાં રહેલી ખામીઓ તેમજ આનુવાંશિક રોગ , ખોડખાપણ વગેરે જાણવાનો છે. એટલે કે ગર્ભજાતી પરીક્ષણની વિવિધ પધ્ધતિઓની શોધ ૭૦ જેટલા ગંભીર પ્રકારના રોગ કે જીનેટીક ખામી ગર્ભસ્થ બાળકને છે કે નહિ તે જાણવા માટે થઇ હતી . પરંતુ તે શોધની વિપરીત અસર આધુનિક સમાજમાં ભ્રુણ હત્યા માટે થઇ રહી છે.

ગર્ભજાતી પરીક્ષણએ આમ તો પ્રાણીશાસ્ત્રને લગતી બાબત છે. પ્રાણીના શરીરમાં ક્રોમોઝોમ્સ રહેલા છે. તેવી શોધ ની સૌપ્રથમ જાણકારી પ્રાપ્ત કરનાર હેંકિંગ નામના વૈજ્ઞાનિક હતા.

હાલમાં ભારત અને ગુજરાતમાં ગર્ભની જાતી જાણવા માટે મુખ્યત્વે ત્રણ પધ્ધતિઓ જોવા મળે છે.

### (A) એમ્નીઓસીન્ટેસીસ (Aminiocentasis)

સ્ત્રીના ગર્ભાશયમાં ગર્ભની આસપાસ રહેલા ગર્ભજળને સિરિન્જની સોયની મદદથી ખેંચીને તેનું પૃથ્થકરણ કરવામાં આવે છે. આ પરીક્ષણ ગર્ભાધાનના ૪ માસ બાદ જ કરી શકાતું હોવાથી કરવામાં આવતો ગર્ભપાત જોખમી અને ખર્ચાળ બને છે. આ પધ્ધતિમાં સ્રીરોગ ડોક્ટર તેમજ પેથોલોજીસ્ટની જરૂર પડે છે.

ISSN 2454 8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

(B) સોનોગ્રાફી (Sonography )

આજના આધુનિક યુગમાં વિજ્ઞાને હરણફાળ ભરી છે. જેને પરિણામે અનેક આધુનિક ઉપકરણો અસ્તિત્વમાં આપ્યા છે. ધ્વનીનાં ઉચ્ચા આર્વતિના તરંગો પર કામ કરતું સાધન એટલે અલ્ટ્રાસાઉન્ડ (સોનાર) જેને આપણી સરળ ભાષામાં કહીએ *સોનોગ્રાફી મશીન*

સોનોગ્રાફી ની મદદથી માત્ર પાંચ અઠવાડિયાની ગર્ભાવસ્થાનું પણ ચોકકસ નિદાન થઇ શકે છે. વિકસતા ગર્ભની લંબાઇ અને વૃધ્ધી પણ જાણી શકાય છે. સાડાચાર માસ બાદ સોનોગ્રાફી કરવાથી ગર્ભસ્થ શિશુના અંગો જોઇને પણ બાળકની જાતિ જાણી શકાય છે.

આ પધ્ધતિ દ્વારા પરીક્ષણ સંપુર્ણ સલામત, સરળ અને ઓછી કિંમતે થતુ હોવા છતા તે નિષ્ણાંત ઉપર આધાર રાખે છે. આ પધ્ધતિમાં ગર્ભાધાનના બેથી અઢી માસ બાદ જ ગર્ભજાત પરીક્ષણ કરવામાં આવતા ગર્ભ રહેલ ભ્રુણની જાતિ બાળકી હોયતો ઘણી વખત બાળકીની ભ્રુણહત્યા કરવામાં આવે છે.

(C) કોરીઓનિક વીલી બાયોપ્સી (Chorionic Villi Biosy )

આ પધતિમાં ગર્ભની આજુબાજુ રહેલા પડના એક વિસ્તૃત ભાગમાંથી અલ્ટ્રાસાઉન્ડ મશીનના પડદા ઉપર જોઇને ટુકડો લઇને તેનુ પૃથ્થકરણ કરવામાં આવે છે. આ પ્રકિયાને કોરીઓનવોલી સેમ્પલીંગ (chorionic villi biosy ) કહેવામાં આવે છે.

આ પરિક્ષણ ગર્ભધાન પછી બે થી ત્રણ માસ દરમ્યાન થતુ હોવાથી આ પધ્ધતિ ખૂબજ સલામત, સરળ અને ચોકકસ છે. આ પધ્ધતિમાં પરીક્ષણ ખૂબ વહેલુ થતુ હોવાથી પાછળથી કરવમાં આવતા ગર્ભપાત સરળ અને ઓછી કિંમત થાય છે. ઉપરાંત ગર્ભજાતિ પરીક્ષણ સિવાય આ પધ્ધતિથી બાળકના બંધારણમાં રહેલી ખામી જાણી શકાય છે. જેથી ગર્ભપાત કરવામાં સરળતા પડે અને ખામી યુકત બાળક જન્મતુ અટકાવી શકાય છે. પરંતુ આ પધ્ધતિ ખર્ચાળ છે. ડોકટર પેથોલોજીસ્ટની અને રેડયોલોજીસ્ટની મદદ લેવી પડે છે.

ઉપરોક્ત ગર્ભપરિ ક્ષણની પધ્ધતિઓ વિશેની સામાન્ય સમજણ આપવાનો આશય – એ હતો કે સ્ત્રી ભ્રુણ હત્યામાં આધુનિક સાધનો ફાળો શો છે. તે જાણી શકાય આ આધુનિક સાધનનો ઉપયોગ મોટાભાગના શહેરી લોકો કરે છે. એટલે કે આધુનિક સમાજ. આ લોકો ગર્ભ પરીક્ષણ સાધનનો ઉપયોગ કરીને સ્ત્રીભ્રુણ હત્યાને વેગવાન બનાવે છે.

## (૩) આધુનિક સમાજની દેણ-સ્ત્રીભ્રૂણ હત્યા :

માનવી એક સામાજીક અને વિચારવંત પ્રાણી છે. માનવ સમાજના સભ્ય તરીકે મનુષ્ય પ્રાચીન સમયથી પોતાના ઉત્પન્ન થતા અનેકવિધ પ્રશ્નની સમજ મેળવતો આવ્યો છે. પણ જ્યારથી વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પધ્ધતિનો વિકાસ થયો છે. ત્યારથી વાસ્તવિક અને અનુભવજન્ય માર્ગો દ્વારા પ્રશ્નોના જવાબો મેળવવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત થયુ છે. વ્યકિત જયારે પોતાના જ્ઞાનના આધારે પોતાના પ્રશ્નોનો જવાબ સંતોષકારક રીતે મેળવી શકતો નથી ત્યારે નિષ્ણાંતો પાસેથી જવાબ મેળવવા પ્રયત્ન કરે છે. ગર્ભપરીક્ષણ અને ગર્ભપાત , સ્ત્રીભ્રુણ હત્યાએ તબીબી વિજ્ઞાનના વિકાસની સાથે અસ્તિત્વમાં આવેલ એક આધુનિક પ્રયુકિત છે.

આધુનિક ભારતમાં ગામડાની તુલનામાં શહેરમાં સ્ત્રી ભ્રૂણ હત્યાનું પ્રમાણ વધુ છે. છોકરીઓની સંખ્યામાં થયેલા ઘટાડા માટેનુ સૌથી મોટુ કારણ અલ્ટ્રાસાઉન્ડ પરીક્ષણ છે. જેમાં માતા - પિતા તેમના બાળકની જાતી જન્મ પહેલા જ જાણી શકે છે અને ભારતમાં આ ટેકનોલોજી સર્વવ્યાપક છે.

ટુંકમાં ભારતનાં કુટુંબમાં પુત્ર અને પુત્રીના ઉછેરમાં ભેદભાવ જોવા મળે છે. જેની અસર સ્ત્રી મૃત્યુ પ્રમાણ ઉપર ઘણી પડે છે. અને તે સ્ત્રી-પુરુષની વસ્તીના અસમાન પ્રમાણ માટે કારણભુત બને છે. છેલ્લા થોડા વર્ષોથી ભારતમાં ગર્ભપરિક્ષણ દ્વારા ગર્ભની જાતી જાણવાની પ્રક્રિયા શરૂ થયેલી જોવા મળે છે. તેનો ઉપયોગ દિવસે દિવસે વધતો જોવા મળે છે. વિવિધ લેખો , સ્ત્રી સંસ્થાઓ , પત્રકારો તેમજ ડોકટરોના અભિપ્રાય પ્રમાણે જો ગર્ભમાં પુત્રી હોવાનુ જણાય તો ભ્રુણ હત્યા કરાવી નાખવાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જેનાથી સ્ત્રી - પુરૂષ અસમાનતાની સમસ્યા આજે ઉદ્દભવી છે. તેથી સ્ત્રી ભ્રૂણહત્યા થતી રોકવા માટે નકકર પગલા લેવા જરૂરી છે.

ISSN 2454 8596
www.vidhyayanaejournal.org

VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

આધુનિક સમયમાં સમગ્ર સમાજ સફાળો બેઠો થયો છે કે જેઓ દીકરો મેળવવાની લ્હાયમાને લ્હાયમાં ગર્ભ પરીક્ષણ કરીને દીકરીઓને ગર્ભમાં જ દફનાવવાની ઘેલછાએ નવી જ મુશ્બીત ઉભી કરી છે. કોને ખબર દીકરીઓથી આપણા સમાજ કેમ ત્રાસી ગયો છે. શા માટે દીકરીના જન્મને બોજારૂપ ગણવામાં આવે છે.

નારી વિના પુરૂષ અને પુરૂષ વિના નારી અધુરી છે. નર નારીના સંયુકત ભાવે જગત સુખી અને આનંદી કે નર અને નારી એક જ રથના બે પૈંડા છે. એક પૈંડાથી જીવનની ગાડી ચાલી શકે નહી માટે આજે નારીની તાતી જરૂરીયાતી ઉભી થવા પામી છે નારી વગરના ઘરનું નામ નથી. પરંતુ આજે એ તમામ સુત્રો હાસ્યસ્પદ બની ગયા હોય તેવુ લાગે છે. જે દેશમાં સીતા સાવિત્રી, પાર્વતી, લક્ષ્મી , સરસ્વતી, જેવી દેવીઓ હોય તે દેશની સ્ત્રીજાતિની વર્તમાનયુગમાં આટલી બધી ઉપેક્ષા અવહેલના શા માટે ?

આ તમામ પરિસ્થિતિને સમજવા માટે આપણે કયાંય દુર જવાની જરૂર નથી ભારતનો ઇતિહાસ તપાસીએ તો રાજા રજવાડાના સમયમાં દીકરીને દૂધપીતિ કરવાની પ્રથા ખાસી પ્રચલિત હતી સંજોગો અને સમય બદલાતા પણ દીકરી પ્રત્યેનો ભાવ ૨૧ મી સદીમા પણ બદલાયો નથી સમાજે સંસ્કૃતી અને આધુનિકતાની ચાદર તો ઓઢી પરંતુ એ ચાદરમાં થીગડાની નિશાનીઓ તો રહી જ ગઇ હવે તો દીકરીને પૃથ્વી ઉપર પગ પણ મુકવા દેવામા નથી આવતી પણ સ્ત્રીના ગર્ભમાં જ તેની હત્યા કરી દેવામાં આવે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી એ હરણ ફાળ પ્રગતિ કરી તબીબી ક્ષેત્ર પણ નવા નવા સાધનો શોધાયા સ્ત્રીના ગર્ભમાં ઉછરી સરહેલ બાળકમાં કોઇ ખામી કે રોગ નથી તે તેની તપાસ કરવા માટે ***સોનોગ્રાફી મશીન*** શોધાયુ પણ આજે સોનોગ્રાફીનો મુળ હેતુ વિસરાઇ ગયો છે અને ગર્ભપરીક્ષણ માટે વપરાતુ મશીન ગર્ભપાત માટે ઉપયોગ થવા લાગ્યો.

આધુનિક સમાજમાં સ્ત્રી ભ્રુણ હત્યાનું પ્રમાણ આજે એટલુ વધ્યુ છે કે જે સમાજ માટે કલંક બની રહયુ છે. આઘાત તો ત્યારે લાગે છે જયારે આપણાા દેશની વડીલ સ્ત્રીઓ જ કુળદીપકની આશામાં ભ્રુણ હત્યાને પ્રોત્સાહન આપે છે. સાસું, નણંદ, જેઠાણી એક સ્ત્રી હોવા છતા પણ સ્ત્રીની જ દુશ્મન બની છે. વહુ અને દીકરીને દીકરીનું ભ્રુણ જણાય એટલે ગર્ભપાત કરાવી નાખીને જ જંપે છે. બિચારી સ્ત્રીને પોતાના અસ્તિત્વનો એક અંશનો છેદ

ઉડાડી દેવાની ક્રુર ફરજ પડાય છે. તેવા સમાજને આપણે એક આદર્શ તંદુરસ્ત સમાજ કહી શકીશું ?

આજે પરિસ્થિતિએ ઉભી થઇ છે કે પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે. જો આ પરિસ્થિ આજે પરિસ્થિતિ એ ઉભી થઇ છે કે પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે. જો આ પરિસ્થિતિ શરૂ રહેશે તો સમાજે ભવિષ્યમાં ઘણાં માઠા પરિણામો ભોગવવા માટે તૈયાર રહેવુ પડશે.

### ૩.૧) આધુનિક સમાજમાં સ્ત્રીભ્રૂણ હત્યા પાછળના કારણો :

મહિલાઓને પુરૂષ સમાન દરજ્જો આપવા માટે ભારતીય બંધારણમાં અને કાનુની હકકો અધિકારો આપ્યા છે. આથી ઔપચારીક રીતે મહિલાઓનું સ્થાન પુરૂષ સમકક્ષ થયુ છે. પરંતુ વ્યવહારમાં તે સિધ્ધ થતુ નથી મહિલાઓ પર અત્યાચારો, બળાત્કારો, કન્યાભ્રૂણ હત્યા, વેશ્યા વ્યવસાય, બાળકીઓનું શોષણ શ્રમજીવીઓનું શોષણ યોન શોષણ જેવી અનેક સમસ્યાઓ જોવા મળે છે આ બધી સમસ્યાઓમાં સ્ત્રીભ્રૂણ હત્યા એ આધુનિક સમાજના સમયની ગંભીર સમસ્યા છે. તેન કારણો કયાં કયાં છે. જેની ચર્ચા નીચે કરી છે.

VIDHYAYANA

#### (૧) પુરૂષ પ્રધાનતા અને પુત્ર જન્મને મહત્ત્વ

ભારતમાં સામાજિક, આર્થિક અને રાજકીય સતામાં તમામ ક્ષેત્રો પર હજુ પણ પુરૂષ વર્ગનું પ્રભુત્ત્વ એક યા બીજી રીતે જોવા મળે છે. ભારતીય સમાજ એ પુરૂષપ્રધાન સમાજ છે. આર્થિક ક્ષેત્ર અને રાજકીય ક્ષેત્રમાં પણ પુરૂષોની સમકક્ષ ભલે સ્ત્રીઓને કાયદાકીય અધિકારો આપવામાં આવ્યા હોય, પરંતુ વાસ્તવીક સામાજિક વ્યવહારમાં ખાસ કરીને આર્થિક અને રાજકીય ક્ષેત્રે કેટલા એન કયા સ્થાનો મહિલાઓને પોતાના નિયંત્રણ હેઠળ રાખી છે. જો કે શિક્ષણ, કાયદાઓ અને જાગૃતિના પરિણામે ઉપર્યુકત બાબતોમાં સ્ત્રીઓના પરંપરાગત સ્થાનમાં મહદંશે પરિવર્તન આવ્યુ છે. આમ છતા પુરૂષોનું સર્વે ક્ષેત્રમાં પ્રભુત્વ પણ એટલુ જ જોવા મળે છે. અને આજે પણ મહિલાઓ અધિકારો પુરેપુરા ભોગવી શકે અને સમાજમા તેનુ માન અને ગૌરવ જળવાય તેવો માહોલ ભારતીય સમાજમાં સર્જાયો નથી.

ટુંકમાં આજના પુરૂષપ્રધાનતા ધારવતા સમાજમાં સ્ત્રીભ્રૂણ હત્યાનું મુખ્ય કારણ એ છે કે કુટુંબમાં છોકરી કરતા છોકરાને દરેક બાબતમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવે

છે. કુટુંબમાં છોકરાનો જન્મ થાય ત્યારે પેંડા વેચીને આનંદ ઉલ્લાસ વ્યકત કરવામાં આવે છે. પરંતુ જન્મ વખતે આવો આનંદ ઉલ્લાસ વ્યકત કરવાને બદલે દીકરી ના જન્મને સાપનો ભારો માનવામાં આવે છે. પ્રાચીન કાળમાં દીકરી ને દૂધપીતિ કરીને હત્યા કરવામા આવતી હતી હવે તે કામ આજના શિક્ષિત અને કહેવાતા સુધારાવાદી સમાજમા સોનોગ્રાફી દ્વારા કરવામાં આવેલ નિદાનને પરિણામે સ્ત્રીભ્રૂણ હત્યા કરવામાં આવે છે.

આમ વિવિધ ક્ષેત્રોમાં પુરૂષોના પ્રભુત્વના કારણે ગર્ભમાં કન્યાબાળક હોય તો તેની હત્યા કરી નાખવામાં આવે છે. આમ પુરૂષ પ્રધાનતા કે પ્રભુત્વ અને પુત્રના જન્મને મહત્વ એ પણ સ્ત્રીભ્રૂણ હત્યાનું કારણ બને છે.

(૨) અંધશ્રધ્ધા, પરંપરાઓ અને કુપ્રથાઓ :

પરંપરાગત ભારતીય જીવન, વ્યવસ્થામાં ૨૧ મી સદીમાં પ્રવેશ કરી ચુકયા હોવા છતા કેટલીક અંધશ્રધ્ધાઓ પરંપરાઓ અને કુપ્રથાઓ પ્રવર્તે છે. સમગ્ર ભારતીય કુટુંબ વ્યવસ્થામાં પુત્ર મુલ્ય અવિશેષ છે. કારણ કે દીકરો હોય તથા દીકરાના હાથે શ્રાધ્ધ કરવાથી મૃત માતા - પિતાને મોક્ષ (મુકિત) મળે છે. તેવી અંધશ્રધ્ધાને કારણે મોક્ષ મળે એવી લાલચ ભરી લાગણી દીકરીના ભ્રૂણ હત્યા માટે જવાબદાર બને છે.

(૩) જાગૃતિનો અભાવ

કોઈપણ દેશની પ્રગતિ, વિકાસ અને પરિવર્તનનો આધાર તેના શિક્ષણ પર રહેલો છે. જે સમાજ કે દેશનું શૈક્ષણિક સ્તર ઉંચુ તેટલી જાગૃતિ જોવા મળે છે. જાગૃતિનો આધાર શિક્ષણ પર રહેલો છે. તે નકકર વાસ્તવિકતા છે. પુરૂષોના પ્રમાણમાં સ્ત્રીઓમાં જાગૃતિ ઓછી છે. કારણ કે સ્ત્રીઓમા અલ્પ શિક્ષણ અને નિરક્ષતા જોવા મળે છે. ઇ.સ. ૨૦૦૧ માં પુરૂષોનું સાક્ષરતાનું પ્રમાણ ૭૫.૮૫ અને સ્ત્રીઓમાં ૫૪.૧૬ જેટલુ જોવા મળ્યુ છે. તેના પરથી ખ્યાલ આવે છે કે સ્ત્રી જાગૃતિનો અભાવ અને તેને પરીણામે સ્ત્રીભ્રૂણ હત્યા જેવી વિઘટનની પરિસ્થિતિનું નિર્માણ શકય બન્યુ છે.

(૪) કાયદાના અમલીકરણમાં શિથિલતા

દરેક સમાજ, સંસ્થા કે દેશને ટકાવી રાખવાનું કામ કાયદો કરે છે. સમસ્યામાંથી

કાયદો અસ્તિત્વમાં આવે છે. સમસ્યા ના નિવારણ માટે કાયદાના અમલીકરણમા શિથિલતા આવે એટલે સમસ્યાનું નિવારણ શકય નથી, સ્ત્રીભ્રૂણ હત્યાનો કાયદો હોવા છતાં તેનુ ચૂસ્ત પણે પાલન થતુ ન હોવાથી જાતિય અસમાનતા ઉભી થવા પામી છે.

(૫) દહેજ પ્રથા

દહેજપ્રથા એ દરેક જ્ઞાતિ વ્યસ્થામાં કોઈને કોઈ સ્વરૂપે જોવા મળે છે. જેમા મોટાભાગે દીકરીના માતા પિતાએ વરના માતા- પિતાને દહેજ ચુકવવુ પડતુ હોય છે. જેને પરિણામે પુરૂષ સમાજમાં એક રૂઢિગત ખ્યાલ છે કે જો દીકરી હોય તો દહેજ આપવુ પડે અને જો દીકરો હોય તો દહેજ રૂપ મિલ્કત પોતાના ઘરમાં આવશે એવી રૂઢિને કારણે પણ ભ્રૂણ હત્યા જોવામળે છે.

(૬) ગરીબી, બેકારી અને મોંઘવારી

ભારતમાં અનેક સમસ્યાઓમાંની એક સમસ્યા કે સમસ્યાઓમાંથી જે તમામ સમસ્યાઓની જનેતા ગણવામાં આવે છે અને તે છે. અતિવસ્તી જેને પરિણામે તેની અસર શિક્ષણ રોજગારી, બેકારી અને મોંઘવારી પર પડી છે. તેથી દેશમા મધ્યવર્ગ – ગરીબવર્ગ અનુક્રમે આવે છે. તથા કમાવનાર કરતા ઉપભોગતા વર્ગ વધુ છે. લોકોની આવક અને જાવક લગભગ સરખી છે. આમ, વ્યકિત, ગરીબ, બેકારી અને મોંઘવારી ને કારણે ખર્ચને પહોંચી વળતો નથી તેને કારણે ભ્રૂણ હત્યા જેવી સમસ્યા પેદા થઇ છે. તેમ કહી શકાય.

(૩.૨) આધુનિક સમાજમાં સ્ત્રીભ્રૂણ હત્યાની વિપરીત અસરો :

આધુનિક સમાજમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના સાધનોએ સ્ત્રીભ્રૂણ હત્યાને એક સળગતો પ્રશ્ન બનાવી મૂકયો છે. આ સ્ત્રીભ્રૂણ હત્યાની વિપરીત અસરો નો સામનો સમાજે કરવો પડે છે.

૧) સ્ત્રીનો નીચો જન્મદર :

ભ્રૂણ હત્યાને કારણે સ્ત્રી – પુરૂષની જનસંખ્યામાં અસમતુલા પેદા થાય છે. તથા તેની અસર કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થા વગેરેમાં વિપરીત પરિસ્થિતી પેદા કરી છે.

ISSN 2454 8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

૨) બહુ પતિપ્રથા :

ભારત સરકારના *હિન્દુ સ્પેશ્યલ મેરેજ એકટ ૧૯૫૪ - ૫૫* ના લગ્ન બંધારણમાં એકસાથી લગ્ન વ્યવસ્થાનો કાયદો છે. પરંતુ ભ્રૂણ હત્યાને કારણે સ્ત્રી જન સંખ્યામાં ઉતરોતર ઘટાડો થવાથી બહુપતિ પ્રથા જેવી સ્થિતિ પેદા થઇ રહે. છે. અને બહુપ્રથાને ઉતેજના મળશે ભવિષ્ય સુચક બાબત ગણી શકાય.

૩) સામાજિક રચના તંત્રમાં ખલેલ :

સ્ત્રી પણ પુરૂષની જેમા સમાજ અને રાષ્ટ્રનું અભિન્ન અંગ અને એક ભાગ છે. કુદરતની જીવસૃષ્ટિ ની સાંકળ તુટવાથી કે અસમતુલા પેદા થવાથી સમસ્યાનું નિર્માણ થાય છે. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર ના નિર્માણ, વિકાસ એન પ્રગતિમાં સ્ત્રીનુ પણ એટલુ જે યોગદાન છે. ભ્રૂણ હત્યાને કારણે કુટુંબ, લગ્ન, ધાર્મિક, કૃષિ- પશુપાલન વગેરે ક્ષેત્રે રચનાકીય ફેરફાર આવે છે અનેતેની સીધી અસર પડે છે.

૪) સજાતીય જાતીય સંબંધો :

દેશ અને દુનિયામાં સૃષ્ટિ કે કુદરતી વિરૂધ્ધનું કૃત્ય તો જોવા મળે છે. પણ ભ્રૂણ હત્યાની અસર તળે સમલૈગિક જાતીય સંબંધોની સમસ્યા વિકટ બની શકે .

૫) મધપાન :

સ્ત્રીભ્રૂણ હત્યાની સમસ્યાને જો સમયસર નાથવામાં નહી આવે તો મદ્યપાનની સમસ્યા કે નશીલા દ્રવ્યોના સેવનની સમસ્યાઓ અને તેને સંબંધિત બીજી અનેક સમસ્યાઓ પેદા થઇ શકે તેમ છે તેની અસર વ્યકિતના તન, મન, ધન, અને સમાજજીવન પર પડી શકે છે. અને તેના દ્વારા બીજા વિકટ પ્રશ્નો પેદા થાય છે. આખરે તેનો ભોગ સમાજ જ હોઇ શકે.

૬) વિઘટનની પરિસ્થિતિનું નિર્માણ :

ભ્રૂણ હત્યાની વિપરીત અસર દ્વારા સમાજમાં વિઘટની પરિસ્થિતિ પેદા થાય છે. આ સમસ્યા જો સમયસર તેનો હલ કરવામાં ન આવ તો બીજી સમસ્યાઓને જન્મ આપે છે. ખાસ કરીને બળાત્કાર, વિકૃતિ, કાવાદાવા, ભષ્ટ્રાચાર, લાંચરૂશ્વત વગેરે જેવી સમસ્યાઓનું નિર્માણ થાય છે.

## ૩.૩) આધુનિક સમાજમાં સ્ત્રીભ્રૂણ હત્યા નિવારણ માટેના પગલા

**૧) સરકાર પક્ષે :**

જો સ્ત્રીબાળકને આર્થિક બોજમાંથી આર્થિક સંપતિમા ફેરવી નાખવામાં આવે તો આ દુષણ ને અસરકારક રીતે મિટાવી શકાય સ્ત્રી બાળક માટે સરકારે અનેકવિધ સવલતો આપવી જોઇએ (૧) મફત કેળવણી (૨) વધારાનું ખાદ્યાન્ન (૩) કર રાહત, આવાં પગલા ભરવાથી ધાર્યા પરિણામ મેળવવાની આશા રાખી શકાય.

પૂર્વપ્રસ્તુતિ નિરીક્ષણ - નિયમન અને દુરૂપયોગ ની અટકાયત અને તેની જોગવાઇઓની અટકાયત અને તેની જોગવાઇઓની તબીબી -સરકાર-સ્વૈચ્છિક સંસ્થાઓ – પ્રચાર માધ્યમો દ્વારા પ્રચાર, જાતિભેદ, દહેજ અને સ્ત્રી ભ્રૂણ હત્યા જેવા મુદા ચુંટણી ઢંઢેરામાં સમાવી લેતા સોનોગ્રાફી મશીનની ૧૦૦ % નોંધણી સુવ્યવસ્થિત કરવી સ્ત્રીભ્રૂણ હત્યા પરિક્ષણ અને હત્યા માટે ગુનેગાર ઠરેલ વ્યકિત, તબીબો, દવાખાના પર તાત્કાલીક પગલા લઇ તેમના લાયસન્સ રદ કરવા જઇએ

**૨) સ્વૈચ્છિક સંસ્થા પક્ષે :**

બાળકીઓને જીવવા દો તેવા સંદેશા ફેલાવવા સ્ત્રીઓને આર્થિક સધ્ધરતાના કાર્યક્રમોને વગે આપવો, બે બાળકો ધરાવતા અને સૌથી વધુ ગર્ભપાતની શકતા ધરાવતા દંપતીઓને શોધી તેમને પરામર્શ આપવા.

**૩) ધાર્મિક જુથ પક્ષે :**

સ્વાધ્યાય મંડળ, રામકૃષ્ણ મિશન, સ્વામિનારાયણ પંથ, બ્રહમકુમારી, વૈષ્ણવ સંપ્રદાય અને તેના જેવા ધાર્મિક સંગઠનોએ જાતિભેદ લિંગભેદ વિશે કાર્યશિબીરો અને સેમિનારનુ આયોજન કરવુ અને જો કોઇ વ્યકિત કે વ્યકિતઓ સ્ત્રી ભ્રૂણ હત્યા સાથે સંકળાયેલ જણાય તો તેનો સામાજિક બહિષ્કાર કરવો જોઇએ

**૪) પ્રસાર માધ્યમ પક્ષે :**

ગર્ભ પરીક્ષણ, સ્ત્રી ભ્રૂણ હત્યા પરની કાયદાકીય જોગવાઇઓ અને તેનીસાથે જોડાયેલ સમસ્યાઓ અંગે લેખ છાપવામાં રેડીયો, ટી.વી. અને અખબારોએ સ્ત્રીઓની સકારાત્મક ભૂમિકા દર્શાવવી

૫) **ન્યાય વિભાગ પક્ષ**

ભ્રૂણ હત્યા સામે કડક પગલા ભરવા જોઇએ.

૬) **શિક્ષણ વિભાગ પક્ષે :**

લિંગ સમાનતાના મુદ્દાનો પાઠપુસ્તકમાં સમાવેશ, દિકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવુ.

**ઉપસંહાર : -**

ભારતીય સમાજ માં પુત્રીના જન્મને દુર્ભાગ્ય અભિશાપરૂપ કે બોજારૂપ સાપનો ભારો માનવામાં આવે છે. આથી જાતિ પરીક્ષણના આધારે પુત્રીના જન્મ થતા પહેલા તેની હત્યા કરવામાં આવે છે. અને આ સ્ત્રી ભ્રૂણ હત્યાનું પ્રમાણ ભારતમાં દિનપ્રતિદિન વધતુ જતુ જોવા મળે છે. તો ચાલો આપણે સ્ત્રી ભ્રૂણ અને શિશુ હત્યા જેવા નીંદનીય કાર્યોમાં ભાગીદાર નહીં બનીએ તેવી પ્રતિજ્ઞા કરીએ અને આપણા પોતાના ઘરમાં સ્ત્રીભ્રૂણ હત્યા ન થાય તેવો સંકલ્પ કરીએ.

## -: સંદર્ભ ગ્રંથો :-


| ક્રમ | પુસ્તકનું શીર્ષક : | લેખકનું નામ | પ્રકાશન |
|---|---|---|---|
| ૧) | નારી સંવેદના | અશ્વિન કારીયા<br>ઈલા જોશી | ગુર્જર ગ્રંથરત્ન<br>કાર્યાલય - અમદાવાદ |
| ૨) | સ્ત્રી ભ્રૂણ હત્યા | ડો. સુમનબેન ચૌધરી | ભાવનગર |
| ૩) | ભ્રૂણ હત્યા | શીતલ ઘેલાણી | સહિયર – અમદાવાદ |
| ૪) | સ્ત્રી ભ્રૂણ હત્યા<br>એક સામાજિક સમસ્યા | ડો. એચ.પી. સોંદરવા<br>ડો. માધવજી વી સોંદરવા | પ્રવીણ પ્રકાશન –રાજકોટ |
| ૫) | વર્તમાન પત્રો અને સામયિકોનો આધાર | | |
| ૬) | સેમિનારમાં રજુ કરેલા પેપરોનો આધાર | | |